# ગ્રંથ શિક્ષાપત્રમાં પરમફલના નિરૂપણનો વિચાર

— અસિત શાહ

## ઉપક્રમ

સંપ્રદાયમાં ચૌરાસી વૈષ્ણવની વાર્તા બાદના લોકપ્રિય ગ્રંથ શિક્ષાપત્રના અનુબન્ધચતુષ્ટયનો વિચાર કરીએ તો તેમાં ફલનું નિરૂપણ હોય તેવી સંભાવના ઓછી છે. તેના અધિકારી શ્રીગોપેશ્વરજી અને તેમના જેવા શોકાતુર સાંપ્રદાયિક અનુયાયીઓ છે. વિષય અને પ્રયોજન ગ્રંથનું નામ સૂચવે છે તેમ પુષ્ટિસંપ્રદાયના અનુયાયીને અપાતી એવી શિક્ષા ( = સજા નહીં પણ શિક્ષણ ) છે જેના અમલથી તેનો શોક નિવૃત્ત થાય અને તે પાછો સ્મરણ-ભજન પરાયણ થવા ઉદ્યત થાય. સ્વજનને લખાયેલ અંગત પત્રોના સંકલનરૂપ આ ગ્રંથનો વિષય સાથે સંબંધ કાન્તાસમ્મિત શૈલીમાં નિરૂપક-નિરૂપ્ય પ્રકારનો છે.

તેથી ૪૧ પૈકીના કોઈ એક પત્રમાં પણ પૂર્ણતઃ ફલનું નિરૂપણ નથી. ( પરિશિષ્ટમાં તેનો ખ્યાલ આવે તે માટે સંદર્ભોને ઉધ્ધૃતિના ક્રમથી ન લઈ પત્રના ક્રમથી સમાવિષ્ટ કરેલ છે! ). ખાસ કરીને શરૂઆતના પત્રો શોકોત્પત્તિ પૂર્વેના હોવાથી તેમાં વધુ નિરૂપણ છે. વળી ફલ તરીકે અનેક ઠેકાણે અનેક તત્ત્વોને કહેલ છે: ક્યાંક કૃષ્ણને, ક્યાંક આર્તિને, ક્યાંક સેવાને, ક્યાંક શરણને, ક્યાંક ભાવને. તે પૈકી ગ્રંથકારને પરમફલ તરીકે કયું ફલ માન્ય છે તે સમજવું થોડુંક અઘરું છે. તે માટે ગ્રંથકારે બતાવેલ સાંપ્રદાયિક સાધનાના વિવિધ સોપાનોને જાણવા આવશ્યક છે.

## સાધના-સોપાન-શૃંખલા

સાધકની ભાવવૃધ્ધિરૂપા ઊર્ધ્વગતિને અહીં વિસ્તારથી સમજાવેલ છે. તેને ગ્રંથકાર ત્રણ ક્રમિક કક્ષામાં વિભાજિત કરે છે.

(૧) તાપભાવ— આ પ્રારંભિક કક્ષા છે. તેના અન્તર્ગત પાંચ સોપાનો છે. પહેલાં (અ) શ્રીમદાચાર્યચરણાશ્રયપૂર્વક સેવા-સત્સંગનિષ્ઠા



અપેક્ષિત છે. તેમાં આગળ વધી (બ) તાપભાવન કરવાનું ઉપદેશેલ છે. આ વ્રજભક્તોના ભાવોની ભાવના કરતાં કરતાં (ક) તાપભાવ સિધ્ધ થાય છે. તે થકી (ડ) પ્રેમાસક્તિવ્યસન ક્રમશઃ સિધ્ધ થાય છે. તેને કારણે (ઇ) પ્રભુના સંગમની પ્રબળ આર્તિ = ક્લેશ અને દૈન્ય પ્રકટ થાય છે.

(૨) શબલિતભાવ— આ મધ્યમ કક્ષા છે. તેના અન્તર્ગત ચાર સોપાનો છે. પણ આ સોપાનો જીવે ચઢવાના નથી હોતા; પ્રભુ જીવને ચઢાવે છે. પહેલાં (અ) પ્રભુ પ્રકટ થઈ સંયોગરસનો આનંદ આપે છે. પછી (બ) અલૌકિકદેહની સિધ્ધિ થાય છે, જે થકી સર્વે અશુધ્ધિ દૂર થાય છે. (ક) તેવા હૃદયમાં પ્રભુ ભાવરૂપે પ્રવેશ કરી બિરાજે છે અને પછી (ડ) રસાનુભવ કરાવે છે.

(૩) કેવળભાવ— આ ઉત્તમ ફલકક્ષા છે. તેના સોપાનો અહીં વર્ણવેલ નથી પણ તેનું સંક્ષિપ્તવિવરણ કરેલ છે અને તેને જ પરમફલ માનેલ છે.

આ ‘શબલિત’ અને ‘કેવળ’ શબ્દો જ્ઞાનમાર્ગમાં આત્માનુભૂતિ અને બ્રહ્માનુભૂતિના સંદર્ભમાં ખાસ્સા પ્રચલિત છે. તે ક્રમશઃ મુમુક્ષુ અને મુક્ત જીવની અનુભૂતિને સમજાવવા પ્રયોજાય છે. વળી શાંકરમતમાં શબલિત એટલે માયાથી આવૃત એવો અર્થ પ્રચલિત છે. પણ અહીં શિક્ષાપત્રમાં ભાવને લગાડેલ આ વિશેષણો રસાનુભૂતિના સંદર્ભમાં પ્રયોજેલ છે. બે પ્રકારની રસાનુભૂતિનું પાર્થક્ય એ રીતે સમજાવેલ છે કે શબલિતભાવમાં રસના આલંબનવિભાવરૂપ પ્રભુ પ્રકટ થઈ સંયોગદલનો અનુભવ કરાવતા હોવાથી તેની રસાનુભૂતિ આલંબનવિભાવાનુભૂતિશબલિત છે, જ્યારે કે કેવળભાવમાં આલંબનવિભાવ અપ્રકટ રહેવાથી વિપ્રયોગદલાત્મક રસાનુભૂતિ ભાવોદ્રેકવશાત્ થતી રહે છે.

## પરમફલવિવરણ

આમ કેવળભાવને અંતિમકક્ષા તરીકે વર્ણવેલ છે. તેનું વિસ્તૃત વિવેચન શ્રીહરિરાયવાઙ્મુક્તાવલિમાં કેટલાક પ્રકરણગ્રંથોમાં કરેલ છે.

મારા આલેખમાં શબલિતતા ટાળવા તેને ન લેતાં કેવળ શિક્ષાપત્રના આધારે વિચારેલ છે.

કેવળભાવના કેટલાક લક્ષણો અહીં બતાવેલ છે તે જોઈએ.

(૧) શબલિતભાવોત્તરવર્તી એવો ભાવ. સંયોગરસાનુભૂતિ કેવળભાવની અનિવાર્ય પૂર્વવર્તી છે. શ્રીહરિરાયજીના મતે સંયોગાનુભૂતિ વગર કેવળભાવની કક્ષા પ્રાપ્ત થતી નથી.

(૨) વિરહાત્મક એવો ભાવ. આ કક્ષાએ સતત વિપ્રયોગાત્મક રસાનુભૂતિ થતી રહે છે. તેમાં બાહ્યતયા પ્રકટરૂપનો સંયોગ નથી થતો.

(૩) કેવળ એવો ભાવ. તેમાં ન જ્ઞાનનો સંબંધ થાય છે ન રૂપનો.

આ લક્ષણો સિવાય કેવળભાવના વર્ણન તરીકે થોડું નિરૂપણ કરેલ છે તે હવે જોઈએ. કેવળભાવ રસાત્મક છે. તે યુગપત્ સર્વલીલાનુભાવક છે, અર્થાત્ ભક્તને એકસાથે પોતાની રુચિને અનુરૂપ અનેક લીલાઓનો અનુભવ સંપન્ન કરાવી શકે છે જે સંયોગમાં શક્ય નથી. તેમાં ભક્તનો ભાવ જ સાકારાનંદરૂપ હોવાથી તેને સર્વલીલાસમન્વિત કરવા સક્ષમ છે. બીજા શબ્દોમાં આલંબનવિભાવરૂપ ધર્મસંયોગના અભાવમાં ય સ્થાયિભાવરૂપ ધર્મિ રસના સંયોગવશાત્ ભક્તને ભીતર લીલાનુભૂતિ થતી રહે છે. એટલે કે ધર્મિવિપ્રયોગાત્મક કેવળભાવ સંચારીભાવ તરીકે ધર્મિસંયોગ કરાવી શકે છે. તે થકી ધર્મસંયોગની જેમ આર્તિ નિવૃત્ત ન થતાં બલવત્તર બને છે અને તીવ્રતાથી વિપ્રયોગ અનુભવાય છે.

## વિસ્તૃતવિચાર

ગ્રંથમાં કણ્ઠોક્ત નિરૂપણને સંક્ષેપમાં સમજાવી હવે હું મારા વિચાર રજુ કરું છું.

પંચપદ્યાનિ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ભાવવૃધ્ધિની બે પ્રક્રિયા કહેલ છે. તે પૈકી આવેશની પ્રક્રિયા પ્રાયઃ રસશાસ્ત્રાનુસારી છે. રસશાસ્ત્રમાં તેમાં ચક્ષુરાગ, મનઃસંગ, સંકલ્પ, જાગરણ, તનુતા, વિષયદ્વેષ, લજ્જાત્યાગ, ઉન્માદ, મૂર્છા અને મરણ એવી દસ ક્રમિક અવસ્થાઓ



બતાવી છે. આ સમગ્ર પ્રક્રિયા પુરુષતંત્ર ન હોઈને રાગતંત્ર છે. બીજી નિરોધની પ્રક્રિયા ભગવદચ્છાસ્ત્રાનુસારી છે. શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધમાં તેનું વર્ણન છે. તેમાં કાયિક, વાચિક અને મનનો નિરોધ ક્યાંક ક્રમથી ક્યાંક વ્યુત્ક્રમથી તો ક્યાંક એકસાથે બતાવેલ છે. આ પ્રક્રિયા ભગવત્તંત્ર છે.

આ બે જુદી પ્રક્રિયા હોવા છતાં તેમાં સહાવસ્થાનનો કે પૂર્વોત્તરવર્તિતાનો અસહિષ્ણુ એવો વિરોધ નથી. તેથી અવતારકાલીન ભક્તો અને અનવતારકાલીન ભક્તોમાં પણ શ્રીહરિરાયજી બંને પ્રક્રિયાનું સાંકર્ય બતાવે છે.

તેમાં તાપભાવની કક્ષા અવતારકાલીન ભક્તોને પ્રાધાન્યે નિરોધની પ્રક્રિયાથી સંપન્ન થઈ છે જ્યારે કે અનવતારકાલીન સાધકોએ તે પ્રાધાન્યે રસાવેશની પ્રક્રિયાથી પ્રાપ્ત કરવાની રહે છે. સંન્યાસનિર્ણયમાં તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: "ભાવો ભાવનયા સિધ્ધઃ સાધનં નાન્યદિષ્યતે". શબલિતભાવની કક્ષા નિરોધની પ્રક્રિયાથી જ સંપન્ન થાય છે, ચાહે અવતારકાલીન ભક્ત હોય કે અનવતારકાલીન. તેથી તે ભગવત્તંત્ર જ રહેવાની. નિરોધલક્ષણમાં તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: "ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્, તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ". કેવળભાવની કક્ષા આવેશની પ્રક્રિયાથી સંપન્ન થતી હોવાથી રાગતંત્ર છે. સંન્યાસનિર્ણયમાં શ્રીમહાપ્રભુજી "હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધા કુતોઽપરે, અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્" એમ કહી પ્રભુ તેમાં સંયોગાનુભૂતિ કરાવી બાધા નથી કરતા તેમ જણાવે છે. અર્થાત્ જે ભક્તનું તેવું વરણ કરેલ હોય તેને પ્રભુ રાગતંત્ર રહેવા દે છે, ભગવત્તંત્ર હઠાત્ નથી કરતા. આ રીતે જ તેમનું પોષણ થાય છે. પ્રભુ અક્લિષ્ટકર્મા હોવાથી "સ્વભાવસ્યાન્યથાભાવો ન વૈ શક્યઃ કથંચન, અતઃ ત્રિવિધજીવેષુ ત્રિવિધા ભગવત્કૃતિઃ" ન્યાયે ભક્તના સ્વભાવને અનુસરે છે, ક્લેશ ન થાય માટે.

આમાં તાપભાવની પ્રક્રિયામાં કાંઈ કહેવાપણું નથી. જે નિરૂપણ

છે તે નિર્વિવાદ છે. પરંતુ શબલિતભાવ અને કેવળભાવનું પાર્થક્ય, તારતમ્ય તથા પૂર્વોત્તરવર્તિતા વિવાદાસ્પદ છે.

આ વિભાજન મને લાગે છે કે દશમસ્કન્ધમાં તામસપ્રકરણમાં વર્ણિત ગોપીજનો આદિની ભક્તિ અને રાજસપ્રકરણમાં વર્ણિત પટરાણીઓ આદિની ભક્તિના તારતમ્યના વિચાર પર આધારિત છે. વ્રજભક્તોને રાસાદિલીલાદ્વારા પ્રભુએ ભજનાનંદની રસાનુભૂતિ કરાવેલ છે તે પ્રાધાન્યે અવિહિતપ્રકારે રસશાસ્ત્રાનુસાર પરકીયા ભાવથી. જ્યારે કે રાજસભક્તોને વિવાહાદિલીલાદ્વારા પ્રભુએ ધર્મશાસ્ત્રાનુસાર સ્વકીયા ભાવથી રસાનુભૂતિ કરાવેલ છે. રાજસભક્તોને સંયોગાનુભૂતિ વધુ છે જ્યારે કે વ્રજભક્તોને મથુરા પધારી વિયોગાનુભૂતિ વધુ કરાવેલ છે. હવે કેમકે આપણા સંપ્રદાયમાં વ્રજભક્તો ગુરુ છે તેથી તેમને ઉત્કૃષ્ટ સિધ્ધ કરવા થોડો રસશાસ્ત્રનો આધાર લઈ સ્થાયિભાવાનુભૂતિને આલંબનવિભાવાનુભૂતિ કરતા ઉત્કૃષ્ટ માની કેવળભાવને શબલિતભાવ કરતા ઊંચો માનેલ છે.

આમાં આશય નિર્વિવાદ છે, પણ ઉપપત્તિ વિવાદનો વિષય છે.

પહેલાં તો ભગવાનના દષ્ટિકોણથી જોતાં તેઓ સ્વતંત્ર હોવાથી ક્યાંક રસશાસ્ત્રનું અનુસરણ કરે તો ક્યાંક ધર્મશાસ્ત્રનું કરે તેથી કોઈ ફરક પડતો નથી. જેમ શ્રીરામચન્દ્રજીએ ધર્મશાસ્ત્રાનુસારી લીલા કરી છે તો ય શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે: ''રામસ્તુ રસરૂપત્વાદ્ અસ્મત્પ્રભુસમો મતઃ''. વળી ઋષિઓને તેમના દર્શનથી ય ''પુરુષતેં ત્રિયભાવ ઉપન્યો સબૈ ઉલટી રીતિ'' થઈ! આમ લીલામાં તો જેટલું વૈચિત્ર્ય પ્રકટ થાય તેટલું ''અધિકં તત્રાનુવિષ્ટં ન તદ્ધાનિઃ'' છે.

બીજું રસશાસ્ત્રમાં લૌકિક સ્થાયિભાવને લૌકિક આલંબનવિભાવ કરતાં ઊંચો કહેલ હોય તો તે નિર્ણયને ભગવદ્‌ભાવના સંદર્ભમાં પણ તાણીને ઠોકી બેસાડવો ન જોઈએ. કેમકે પ્રભુ જો આલંબનવિભાવ હોય તો શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં તેઓ ''રસપિંડ'' છે જ્યારે કે સ્થાયિભાવ તરલ રસ છે. રસ તપ્તજીવન હોઈ શકે પણ આનન્દજનક



નહીં. પ્રભુ પ્રકટ થઈ સંયોગાનુભવ કરાવે તેને તેથી જ સંપ્રદાયમાં સર્વથા અભિલષિત ફલતયા વર્ણવેલ છે: ''ભગવાન્ એવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિઃ'', ''કૃપાયુક્તો યદા ભવેત્ તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ, સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ''. ''શ્રીવલ્લભાચાર્યમતે ફલં તત્પ્રાકટ્યમ્''. ''એતાસાં તુ અધુનૈવ બહિઃપ્રાકટ્યમ્ અભિલષિતમ્. તદૈવેશ્વરવાદો, અન્યથા શૂન્યવાદઃ''. આથી મને લાગે છે કે ''લેને ગઈ પૂત ખો આઈ ખસમ'' જેવી પરિસ્થિતિ સર્જાય છે. વ્રજભક્તોને ઉપર ચઢાવવા જતાં પ્રભુને નીચે લાવવા જેવું થાય છે. આમાં શિક્ષાપત્રનો પણ જે મધ્યવર્તી વિચાર છે કે ભગવાન ભક્તહિતૈષી છે અને શોકોત્પત્તિ પણ અન્તે તો હિતાર્થે કરે છે તેનાથી વિરુધ્ધ દિશામાં ગમન થાય છે.

ત્રીજું એ કે ''કૃષ્ણાધીના તુ મર્યાદા, સ્વાધીના પુષ્ટિરુચ્યતે'' ઉક્તિના આધારે વ્રજભક્તોને સ્વતંત્ર અને સ્વાધીન હોવાથી ઉત્કૃષ્ટ માનવા માટે તેમને કેવળવિપ્રયોગી ઠેરવવા ન જોઈએ. કેમકે સંયોગમાં પણ પ્રભુ ભક્તને આધીન થઈને રહે જ છે: ''વશે કુર્વન્તિ માં ભક્ત્યા સત્સ્ત્રિયો સત્પતિં યથા''.

વ્રજભક્તોને ઉત્કૃષ્ટ બીજી રીતે ય ઠેરવી શકાય છે જ. જેમકે ''સન્ત્યજ્ય સર્વવિષયાન્ તવ પાદમૂલં પ્રાપ્તા'' એમ વ્રજભક્તો ખુમારીથી કહે છે. જ્યારે કે કેટલીક પટરાણીઓને પ્રભુ હરણ કરી લાવ્યા છે તો ૧૬,૦૦૦ સ્ત્રીઓને બંધનમાંથી છોડાવી લાવ્યા છે. તેથી કેવળભાવને શબલિતભાવથી ઊંચો માનવો એકમાત્ર ઉપપત્તિ નથી.

એટલું ચોક્કસ છે કે ભગવદ્‌ભાવના સંદર્ભમાં વિપ્રયોગાનુભૂતિ સ્પૃહણીય તો છે જ: ''યચ્ચ દુઃખં યશોદાયાઃ નન્દાદીનાં ચ ગોકુલે, ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ ક્વચિત્''!

નિષ્કર્ષતયા શિક્ષાપત્રમાં પરમફલનું નિરૂપણ મારા મતે અનુબન્ધચતુષ્ટય ભિન્ન હોવાને કારણે સંક્ષિપ્ત અને તે ય વિખરાયેલું

છે તથા થોડુંક વિવાદાસ્પદ છે. ( તેને બરાબર ન સમજવાથી આજે સંપ્રદાયમાં કેટલાક અર્ધજ્ઞાનીઓ પોતે ભટકી જઇ ગ્રંથની લોકપ્રિયતા વટાવી ખાઈ બીજાઓને ય રવાડે ચઢાવે છે વિપ્રયોગનો ઝંડો લઈ ). તે છતાં ય ફલાનુભૂતિ તરફના સોપાનોની જે શૃંખલા બતાવેલ છે તે સુગમ, સ્પષ્ટ તથા મનનીય છે. તેને સમજતાં સ્પૃહા જાગે અને શોકાતુર અનુયાયી શોક મૂકી ફરી સ્મરણ-ભજન પરાયણ થાય તે સહજ છે. સંપ્રદાયનો પાછલા ૪૦૦ વર્ષનો ઈતિહાસ તેની લોકપ્રિયતા અને ઉપયોગિતાનો સાક્ષી છે, તેમાં બીજા કોઈ પ્રમાણની જરૂર નથી.

બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ।

❋ ❋ ❋

**પરિશિષ્ટ :**

**શિક્ષાપત્રસંદર્ભ—** (૧) ...યાવત્ સાધનસમ્પત્તિઃ કારયત્યખિલાન્નિજાન્।

શુધ્ધં વિધાય હૃદયં પશ્ચાત્ તથાવિશેત્ સ્વયમ્॥
દત્વા દૈન્યેન સન્તુષ્ટો નિત્યં દેહમલૌકિકમ્।
સ્વયં પ્રવિશ્ય ભાવાત્માऽનુભવં કારયેત્ સ્વકમ્॥
એવંવિધં ફલં નિત્યં ચિન્તયન્ ચેતસા સદા।
કુર્યાદત્યાદરં કૃષ્ણસેવાયામેવ સર્વથા॥
સાક્ષાત્પરોક્ષરૂપત્વાત્ સેવા પૂર્વવિલક્ષણા।
યથા "ગાયન્ત્ય" ઈત્યત્ર ભાવઃ શબલિતો મતઃ॥
તદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ॥
ફલાશાયાં ફલં કૃષ્ણવદનં હૃદિ ચિન્ત્યતામ્।
ફલં કૃષ્ણઃ સદાનન્દો ભક્તભાવાત્મકત્વતઃ॥
ન તત્ર જ્ઞાનસમ્બન્ધો યતોऽત્રાપિ ન વૈ ચિતિઃ।
સચ્ચિદાનન્દરૂપસ્તુ પ્રસિધ્ધઃ પુરુષોત્તમઃ॥
પૂર્વાવસ્થાફલં કૃષ્ણઃ કેવલશ્ચોત્તરો મતઃ।
( ૧।૧૦-૧૭ )

(૨) ...ભક્તિમાર્ગે સાધનં ચ ફલં શરણમેવ હિ।
સર્વધર્મપરિત્યાગઃ સ્વતન્ત્રં ચેત્ ફલં હિ તત્॥
( ૪।૧૮ )

(૩) ...તાપભાવઃ પરં દૈન્યં પ્રકાશયતિ સર્વથા।
દૈન્યેન દયયા દીનબન્ધુઃ પ્રાદુર્ભવત્યસૌ॥
તદ્દૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્॥
...અસ્મિન્ માર્ગે યથૈવાર્તિસ્તથૈવ ફલસન્નિધિઃ।
( ૫।૩-૪, ૮ )

(૪) ...ભાવોऽત્ર સાધનં માર્ગે પ્રમેયો ભગવાન્ હિ સઃ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ॥
તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા।
( ૭।૬-૭ )

(૫) ...આર્તિઃ ફલં સાધનં ચ વ્રજાધિપતિસંગમે।
અતઃ સદા તદાર્ત્યૈવ સ્થીયતાં તત્કૃપાયુતૈઃ॥
( ૮।૩ )

(૬) ...કદા નિજપતિઃ કૃષ્ણઃ સ્વબિમ્બં દર્શયિષ્યતિ।
...રસાત્મક-રસાત્મસ્વભક્તવૃન્દસમન્વિતમ્।
નિજાનુભવસંવેદ્યં પ્રકટન્તં ક્ષણે ક્ષણે॥
વિરહે યુગપત્સર્વનિજલીલાનુભાવકમ્।
સાકારાનન્દરૂપેણ વ્રજભક્તહૃદિ સ્થિતમ્॥
એવં દિદક્ષા સતતં સ્થાપનીયા નિજે હૃદિ।
સૈવાસ્માકં પ્રેમભાવોऽન્યરાગવિનિવર્તકઃ॥
તતઃ સ્યાદાર્તિરધિકા ગેહદેહૈકબાધિકા।
અસક્તિઃ સૈવ માર્ગેऽસ્મિન્ ગૃહસ્થાસ્વાસ્થ્યકારિકા॥

પરિતાપોદયસ્તસ્માત્ સર્વવિસ્મૃતિકારકઃ।
સ એવ વ્યસનં યત્ર પ્રપંચસ્ફૂર્તિનાશનમ્॥
એવંવિધસ્તુ ત્રિવિધો ભાવો નિઃસાધનો મતઃ।
...પ્રમેયબલતો નાન્યત્ સાધનં તત્ર ભાવ્યતામ્॥
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ।
...તસ્માત્ ત્યક્ત્વા દુષ્ટસંગં કૃત્વા સ્વાચાર્યસંશ્રયમ્॥
તદીયજનસંસર્ગે સ્થિત્વા માર્ગે તથા ગુરૌ।
કૃત્વા વિષયવૈરાગ્યં પરિતોષં વિધાય ચ॥
સદાનન્દં સદાનન્દં ફલપ્રાપ્ત્યૈ સદા ભજેત્।

( ૯૧, ૧૭-૩૫ )

(૭) ...યથા મર્યાદયા ભક્તૌ બ્રહ્મભાવસ્તુ સાધનમ્।
તથા સર્વાત્મભાવોऽત્ર સાધનત્વેન બુધ્યતામ્॥
વસ્તુતસ્તુ ફલં ચૈવ ફલં સ્યાત્ તત્પ્રવેશતઃ।
...દૈન્યૈનૈવ ચ સન્તુષ્ટઃ પ્રાદુર્ભૂતઃ ફલં દદૌ॥
...ફલમત્ર હરેર્ભાવો વિરહાત્મા સદા મતઃ।
રસાત્મકત્વાત્ તદ્રૂપે સર્વલીલાસમન્વિતઃ॥
સ્વરૂપે તસ્ય સતતં સાક્ષાત્કારો વિશેષતઃ।
યુગપત્ સર્વલીલાનામનુભૂતિઃ પ્રજાયતે॥

( ૩૪।૭-૮, ૧૪, ૩૦-૩૧ )

(૮) ...સેવૈવ સાધનં સેવા ફલમૈહિકમત્ર સા।
સેવાऽલૌકિકદેહેન સમ્ભવેત્ પારલૌકિકમ્॥

( ૪૧।૭ )

(૯) રસાત્મકતયા સિધ્ધઃ પરમાત્મા શ્રુતાવિતિ।
સંયોગવિપ્રયોગાભ્યાં શૃંગારસરસો હરિઃ॥
ધર્મધર્મિવિભેદેન તાવપિ દ્વિવિધૌ મતૌ।
ધર્મરૂપસ્તુ સંયોગો બહિઃપ્રાકટ્યપાલિતઃ॥
પરોક્ષ આન્તરો યસ્તુ સ ધર્મિત્વેન સમ્મતઃ।
વિયોગોऽપિ તથા યસ્તુ પ્રભુપ્રાકટ્યસાધકઃ॥



સ્વતન્ત્રફલરૂપો યઃ સ્વરૂપાવેશતો હરેઃ।
ધર્મિરૂપઃ સ વિજ્ઞેયો નાવિર્ભાવપ્રયોજનમ્॥
બહિઃસંવેદનં વાપિ તદસંવેદનં તથા।
તયોરવસ્થાદ્વિતયં ભાવેનૈવ ન ચાન્યથા॥
વિયોગાત્મસ્વરૂપેણ સંયોગાભાવવદ્ દ્વયમ્।
બહિઃસંવેદનાભાવે તત્ર સાક્ષાત્ તથા ક્રિયાઃ॥
તદાસંવેદને વિપ્રયોગાનુભવ એવ હિ।
એવં સતતં દ્વાવેવ સ્વતન્ત્રા ભક્તિરુચ્યતે॥
ભાવરૂપઃ સ્વરૂપાત્મા નિરુધ્ધઃ પૂર્ણ એવ સઃ।
ધર્મરૂપવિયોગેऽપિ પ્રવિશન્તિ ગુણા હરેઃ॥
ધર્મિરૂપે તત્ર કૃષ્ણઃ કોશવત્ પ્રવિશેત્ પુનઃ।
યથા ભગવદાવેશો મૂર્તિકોશે હરેસ્તથા॥

( ૩૮મા શિક્ષાપત્રમાં કવચિત્ પરિશિષ્ટમાં ઉપલબ્ધ ''ભાવસ્વરૂપનિરૂપણમ્''માં કારિકા ૧-૮ )